| | | |
|---|---|---|
| GJGS020004542002 | કેસ દાખલ તારીખ | ૧૫/૦૫/૨૦૦૨ |
| | કેસ નોંધ્યા તારીખ | ૧૫/૦૫/૨૦૦૨ |
| | કેસ ફેસલ તારીખ | ૧૫/૦૪/૨૦૨૬ |
| | સમયગાળો : | વર્ષ માસ દિવસ<br>૨૩ ૧૧ ૦૦ |

======================================================

**<u>FORM-A</u>**

**વેરાવળના મે. એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની**

**કોર્ટ સમક્ષ, મુ. વેરાવળ**

**(શ્રી જે. એ. રાણા)**

**એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, વેરાવળ,**

**(ચુકાદાની તારીખ : ૧૫/૦૪/૨૦૨૬)**

**ફોજદારી કેસ નં. ૭૫૭/૨૦૦૨**

**વેરાવળ સીટી પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ફર્સ્ટ ૫૧/૨૦૦૨**

======================================================

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| પ્રતિનિધી કરનાર | વિ.એ.પી.પી.શ્રી આઇ. એચ. તુર્ક. |
| **<u>–:: વિરૂધ્ધ ::–</u>** | |
| આરોપી | (૧) હરેશ જેઠાનંદ હોતચંદાણી,<br>ઉ. વ. ૨૬, ધંધો : વેપાર,<br>રહે. વેરાવળ, શકિતનગર, ગરબી ચોક નજીક,<br>તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ. |

| | |
|---|---|
| | (૨) જેઠાનંદ ચેલારામ હોતચંદાણી,<br>**(મરણ ગયેલ હોય એબેટ કરવામાં આવેલ છે.)**<br>(૩) ચંદ્રકાંત ઉર્ફે ચંદુ પાનવાળો ખેમચંદ ક્રિષ્નાણી,<br>ઉ. વ. ૩૨, ધંધો : વેપાર,<br>રહે. વેરાવળ, ઠે. ટાગોરનગર–૧,<br>તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ.<br>(૪) નરેશ વલ્લભદાસ પરીયાણી,<br>**(મરણ ગયેલ હોય એબેટ કરવામાં આવેલ છે.)**<br>(૫) રેવાચંદ મુલચંદ ભાગનાણી,<br>**(મરણ ગયેલ હોય એબેટ કરવામાં આવેલ છે.)**<br>(૬) મગનભાઈ મુલચંદ ભાગનાણી<br>**(મરણ ગયેલ હોય એબેટ કરવામાં આવેલ છે.)**<br>(૭) લાભશંકર ચંદીરામ કેશવાણી,<br>ઉ. વ. ૨૯, ધંધો : વેપાર,<br>રહે. વેરાવળ, ઠે. લવકુશ એપાર્ટમેન્ટ,<br>બ્લોક નં. ૩, ડાભોર રોડ, તા. વેરાવળ,<br>જી. ગીર–સોમનાથ.<br>(૮) દિપક ઉર્ફે દિપુ ચેલારામ સેવાણી,<br>ઉ. વ. ૩૦, ધંધો : વેપાર,<br>રહે. વેરાવળ, ઠે. શકિતનગર,<br>તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ.<br>(૯) મનોજ ભેરૂમલ મેઘરાજાણી,<br>ઉ. વ. ૩૨, ધંધો : નોકરી,<br>રહે. વેરાવળ, ઠે. નવા રબારીવાડા,<br>શેરી નં. ૮, તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ.<br>(૧૦) પ્રકાશ વલ્લભદાસ પરીયાણી,<br>ઉ. વ. ૩૬, ધંધો : વેપાર, |

| | |
|---|---|
| | રહે. વેરાવળ, ઠે. એસ.બી.એસ. કોલોની,<br>તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ.<br>(૧૧) મોહન ઉર્ફે સોનુ વલ્લભદાસ પરીયાણી,<br>ઉ. વ. ૧૮, ધંધો : વેપાર,<br>રહે. વેરાવળ, ઠે. એસ.બી.એસ. કોલોની,<br>તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ.<br>(૧૨) પ્રકાશ રેવાચંદ ભાગનાણી,<br>ઉ. વ. ૩૨, ધંધો : વેપાર,<br>રહે. વેરાવળ, ઠે. બિહારીનગર, બ્લોક નં. ૧૦,<br>તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ.<br>(૧૩) જીતેન્દ્ર મગનલાલ ભાગનાણી,<br>ઉ. વ. ૨૩, ધંધો : વેપાર,<br>રહે. વેરાવળ, ઠે. ગીતાનગર–૨, શકિતનગર<br>પાછળ, તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ. |
| પ્રતિનિધી કરનાર | વિ.વકીલશ્રી કે. વી. બોરીચાંગર. |

**FORM-B**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૦૬/૦૪/૨૦૦૨ |
| ફરિયાદની તારીખ | ૦૬/૦૪/૨૦૦૨ |
| ચાર્જશીટ દાખલ કર્યા તારીખ | ૧૫/૦૫/૨૦૦૨ |
| તહોમતનામું ઘડયા તારીખ | ૦૪/૦૭/૨૦૧૮ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૯/૦૮/૨૦૧૮ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | –– |
| ચુકાદાની તારીખ | ૧૫/૦૪/૨૦૨૬ |
| સજાનો હુકમ કર્યાની તારીખ જો હોય તો | –– |

## <u>–આરોપીની વિગત–</u>

| આરોપી નો અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર | શું સજા કરી | Cr.P.C. કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | હરેશ જેઠાનંદ હોતચંદાણી | – | – | આઇ.પી. સી. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮,૧૪૯, ૩૨૩,૩૨૪, ૪૨૭, ૪૫૨ તથા બી. પી. એકટની કલમ–૧૩૫ | નિર્દોષ | – | – |
| ૨ | જેઠાનંદ ચેલારામ હોતચંદાણી | **(મરણ ગયેલ હોય એબેટ કરવામાં આવેલ છે.)** | | | | | |
| ૩ | ચંદ્રકાંત ઉર્ફે ચંદુ પાનવાળો ખેમચંદ ક્રિષ્નાણી | – | – | આઇ.પી. સી. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮,૧૪૯, ૩૨૩,૩૨૪, ૪૨૭, ૪૫૨ તથા બી. પી. એકટની કલમ–૧૩૫ | નિર્દોષ | – | – |
| ૪ | નરેશ વલ્લભદાસ પરીચાણી | **(મરણ ગયેલ હોય એબેટ કરવામાં આવેલ છે.)** | | | | | |
| ૫ | રેવાચંદ મુલચંદ ભાગનાણી | **(મરણ ગયેલ હોય એબેટ કરવામાં આવેલ છે.)** | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | મગનભાઇ મુલચંદ ભાગનાણી | **(મરણ ગયેલ હોય એબેટ કરવામાં આવેલ છે.)** | | | | | |
| ૭ | લાભશંકર ચંદીરામ કેશવાણી | – | – | આઇ.પી. સી. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮,૧૪૯, ૩૨૩,૩૨૪, ૪૨૭, ૪૫૨ તથા બી. પી. એકટની કલમ–૧૩૫ | નિર્દોષ | – | – |
| ૮ | દિપક ઉર્ફે દિપુ ચેલારામ સેવાણી | – | – | ‘’ | '' | – | – |
| ૯ | મનોજ ભેરૂમલ મેઘરાજાણી | – | – | ‘’ | '' | – | – |
| ૧૦ | પ્રકાશ વલ્લભદાસ પરીચાણી | – | – | ‘’ | '' | – | – |
| ૧૧ | મોહન ઉર્ફે સોનુ વલ્લભદાસ પરીચાણી | – | – | ‘’ | '' | – | – |
| ૧૨ | પ્રકાશ રેવાચંદ ભાગનાણી | – | – | ‘’ | '' | – | – |
| ૧૩ | જીતેન્દ્ર મગનલાલ ભાગનાણી | – | – | ‘’ | '' | – | – |

## FORM-C

## ફરિયાદ પક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાહેદનું લીસ્ટ

### (એ) ફરિયાદ પક્ષ તરફે મૌખિક પુરાવો :–

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૧૬૨ | પરબતભાઇ શર્દુલભાઇ મોરીની જુબાની | સાહેદ |
| ૨. | ૧૭૧ | રેનીશભાઇ કાસમભાઇ કોટડીયાની જુબાની | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૩. | ૧૭૨ | રાકેશભાઇ કાંચીભાઇ કારેલીયાની જુબાની | સાહેદ |
| ૪. | ૧૭૩ | નિતીનભાઇ કે. એમ. ચંદ્રનની જુબાની | સાહેદ |
| ૫. | ૧૭૮ | ગુલાબશા જુમાશાની જુબાની | પંચસાહેદ |
| ૬. | ૧૮૭ | ભીખાભાઇ જગમાલભાઇ બારડની જુબાની | સાહેદ |
| ૭. | ૧૮૯ | પરસોતમભાઇ પ્રેમજીભાઇ રામાણીની જુબાની | સાહેદ |
| ૮. | ૧૯૦ | મનિષભાઇ રસીકલાલ સવજીયાણીની જુબાની | સાહેદ |
| ૯. | ૧૯૧ | સંજયભાઇ કાનજીભાઇ મહેતાની જુબાની | પોલીસ સાહેદ |
| ૧૦. | ૨૦૬ | ભીમજીભાઇ કરશનભાઇ કુલબારીયાની જુબાની | ડોકટર |
| ૧૧. | ૨૦૯ | નામુભાઇ નાથાભાઇ બાબરીયાની જુબાની | પોલીસ સાહેદ |
| ૧૨. | ૨૧૬ | ફારૂકભાઇ ઇબ્રાહિમભાઇ ભાદરકાની જુબાની | પંચ સાહેદ |
| ૧૩. | ૨૨૩ | વલીમહંમદ હાજીભાઇ સંધીની જુબાની | પોલીસ સાહેદ |
| ૧૪. | ૨૨૬ | હમીરભાઇ મુળાભાઇ વાણવીની જુબાની | ત.ક.અ. |
| ૧૫. | ૨૩૧ | કેશવલાલ પ્રેમજીભાઇ ગાજીપરાની જુબાની | ત.ક.અ. |

**(બી) બચાવ પક્ષે જો સાહેદ :–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| –– | –– | –– |

**(સી) કોર્ટ સાહેદ :–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| –– | –– | –– |

**ફરિયાદ પક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ. નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૭૯ | ગુન્હાવાળી જગ્યાના પંચનામાની ઝેરોક્ષ નકલ |
| ૨. | ૨૦૭ | ફરિયાદીનું એમ.એલ.સી. સર્ટિફિકેટ અસલ |
| ૩. | ૨૧૭ | આરોપીઓને અટક કરી મુદ્દામાલ હથિયાર કબજે કર્યાનું પંચનામું અસલ |
| ૪. | ૨૨૭ | પી.એસ.ઓ.એ. તપાસ કરવા કરેલ યાદી |
| ૫. | ૨૨૮ | ડી.ઓ. નં. ૧૨૪/૨૦૦૨ અસલ |
| ૬. | ૨૨૯ | ફરિયાદ |
| ૭. | ૨૩૦ | એફ.આઈ.આર. |

**બચાવ પક્ષ તરફે અંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ. નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

**કોર્ટ તરફે અંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ. નં. | દસ્તાવેજને આપેલ આંક | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

**મુદ્દામાલની વિગત :–**

| અ. નં. | આર્ટીકલ નં. | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | મુ.પા.નં. ફ. ૨૭/૨૦૦૨ ૧ | લોખંડનો પાઇપ |
| | ૨ | લોખંડનો પાઇપ |
| | ૩ | સ્ટીલની છરી |

**–:: જજમેન્ટ ::–**

(૧) **<u>કેસની ટૂંકી હકીકત :–</u>**

ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં. ૧ નાએ ફરિયાદીએ આપેલ રૂા. ૨૦,૦૦૦/– ની ઉઘરાણી અવાર નવાર કરતા ગઈ તા. ૦૬/૦૪/૨૦૦૨ ના કલાક ૧૬:૩૦ ના સુમારે વેરાવળ શકિતનગરમાં ફરિયાદીની ઓફિસે જઈ આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ ગે. કા. મંડળી રચી આરોપી નં. ૩ તથા ૪ નાએ છરી તથા આરોપી નં. ૫ તથા ૬ નાએ લોખંડના પાઈપ જેવા હથિયાર ધારણ કરી, પોતાના સમાન મનસુબો પાર પાડવા ફરિયાદીની શિવસેનાની ઓફિસે જઈ, ગે. કા. પ્રવેશ કરી ફરિયાદીને આરોપી નં. ૩ નાએ છરી ડોકના ભાગે, નં ૪ નાએ ડાબા પડખાના ભાગે તથા આરોપી નં. ૫ તથા ૬ નાએ પાઈપથી માથાના ભાગે મારી તથા આરોપીઓએ ઢીકપાટુનો માર મારી ઈજાઓ કરી ફરિયાદી ની ઓફિસની આગળની ફ્રેમના કાચ તથા ટેલીફોન તોડી રૂા. ૭,૮૦૦/– નું નુકશાન કરી, મે. જીલ્લા મેજી.ના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલાનો આક્ષેપ છે.

(૨) **<u>પોલીસ કાર્યવાહી :–</u>**

ઉપરોકત ગુના સબબની ફરિયાદ આ કામના ફરિયાદીએ વેરાવળ સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તે આધારે ગુનાની તપાસ કરનાર અધિકારી દ્વારા તપાસ સંભાળી લઈ જરૂરી પંચનામા કરી, લાગતા– વળગતા સાહેદોના જવાબો લઈ, આરોપીઓને અટક કરેલા અને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે.

(૩) **<u>ન્યાયિક કાર્યવાહી :–</u>**

આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ થતાં આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીઓને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપીઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત

થયેલ. ત્યારબાદ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૦ અન્વયે આરોપીને ગુના અંગેની સમજ કરી, આરોપીઓ સામે આંક–૧૦૩ થી ગુના અંગેનું તહોમતનામું ફરમાવી, તે આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવીને આરોપીઓના આંક–૧૦૪ થી આંક–૧૧૫ સુધીના ગુના અંગેનો જવાબ નોંધતા, તેમાં આરોપીઓએ 'મને ગુનો કબૂલ નથી' તેમ જણાવતા,સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારૂ રાખવામાં આવેલ. આ કામના આરોપી નં. ૨, ૪, ૫ તથા ૬ મરણ ગયેલ હોય એબેટ કરવામાં આવેલ છે.

(૪) <u>બચાવ પક્ષનો પુરાવો:–</u>

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફે વધુ કોઈ વિશેષ પુરાવો રજૂ થયેલ નથી. આ કામે રજુ થયેલ ફરિયાદ પક્ષના પુરાવા લક્ષમાં લેતા આરોપીઓના ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદનો નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાનો ઈન્કાર કરી સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમજ બચાવનાં સાહેદો તપાસવા ન હોવાનું જણાવી વિશેષ જવાબમાં “ અમો નિર્દોષ છીએ, અમારી ઉપર ખોટો કેસ કરેલ છે, અમોને નિર્દોષ છોડી મુકવા આપ સાહેબને નમ્ર અરજ છે. ”

(૫) <u>દલીલો:–</u>

આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીઓ તરફે તેમના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬) ઉપર મુજબની રૂપરેખા ધરાવતા આ કેસના આખરી નિકાલ સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ ::-**

**(૧)** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં. ૧ નાએ ફરિયાદીએ આપેલ રૂા. ૨૦,૦૦૦/- ની ઉઘરાણી અવાર નવાર કરતા ગઈ તા. ૦૬/૦૪/૨૦૦૨ ના કલાક ૧૬:૩૦ ના સુમારે વેરાવળ શકિતનગરમાં ફરિયાદીની ઓફિસે જઇ આરોપીઓએ ઉશ્કેરાઇ જઇ ગે. કા. મંડળી રચી આરોપી નં. ૩ તથા ૪ નાએ છરી તથા આરોપી નં. ૫ તથા ૬ નાએ લોખંડના પાઇપ જેવા હથિયાર ધારણ કરી, પોતાના સમાન મનસુબો પાર પાડવા ફરિયાદીની શિવસેનાની ઓફિસે જઇ, ગે.કા. પ્રવેશ કરી ફરિયાદીને આરોપી નં. ૩ નાએ છરી ડોકના ભાગે, નં ૪ નાએ ડાબા પડખાના ભાગે તથા આરોપી નં. ૫ તથા ૬ નાએ પાઇપથી માથાના ભાગે મારી તથા આરોપીઓએ ઢીકપાટુનો માર મારી ઇજાઓ કરી ફરિયાદી ની ઓફિસની આગળની ફ્રેમના કાચ તથા ટેલીફોન તોડી રૂા. ૭,૮૦૦/- નું નુકશાન કરી, મે. જીલ્લા મેજી.ના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૪૨૭, ૪૫૨ તથા બી. પી. એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

**(૨)** શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) '' નકારમાં ''

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કારણો :-**

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા :–</u>**

(૮) આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ–પરબતભાઇ શર્દુલભાઇ મોરીએ આંક–૧૬૨ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, “ બનાવ શકિતનગર વિસ્તારમાં આશરે બપોરના ૪ વાગ્યે બનેલો. નિલેશભાઈ મારા મિત્ર હતા. બનાવ વખતે હું મારા ઓફિસ કામ સબબ બનાવવાળી જગ્યાથી નીકળેલ ત્યારે નિલેશભાઈની દુકાને ઘણા માણસો ભેગા થયેલા તે મે જોયેલ ત્યાં શું બનેલ તે મને ખબર નહીં.મને વાતોવાતોમાંથી જાણવા મળેલ કે તેને કોઈ સાથે માથાકૂટ થયેલ આ સિવાય હું કાંઈ જાણતો નથી. બનાવ બાદ પોલીસે મારૂ નિવેદન લીધેલું. આરોપીઓને હું જોઈએથી ઓળખતો નથી.” સદર સાહેદ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ. એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ફરિયાદ પક્ષ તરફે ઉલટ તપાસ કરવા છતાં બનાવની મહત્વની હકીકતને સમર્થન કરેલ નથી.

સદર સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, “ એ વાત ખરી છે કે, આ કામે બનાવ મે નજરે જોયેલ ન હોય તેની મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, પોલીસે ફકત મારૂ નામ સરનામું પુછેલું બીજું કાંઈ પુછેલ નહીં.”

(૯) આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ–રેનિશભાઇ કાસમભાઇ કોટડીયા એ આંક–૧૭૧ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, “ બનાવ આશરે વીસેક વર્ષ પહેલા બનેલ. બનાવ કઈ જગ્યાએ બનેલ તેની મને ખબર નથી. બનાવ કેટલા વાગ્યે બનેલ તેની મને ખબર નથી. નિતિન ઉર્ફે મોન્ટું મારો મિત્ર છે અને બનાવ સમયે તેની પાસે શેનો હોદ્દો હોય તેની મને ખબર નથી. આ કામના ફરિયાદી નિલેશભાઈ મારા મિત્ર થતા હતા. નિલેશભાઈની ઓફિસ

બિહારીનગરમાં હતી અને નિલેશભાઈ બાંધકામનું કામ કરતા હતા. નિલેશભાઈ સાથે કોઈ બનાવ બનેલ હોય તેની મને ખબર નથી. બનાવ બાબતે હું બીજું કંઈ જાણતો નથી. કામના આરોપીઓએ નિલેશભાઈની ઓફિસમાં જઈને નિલેશભાઈ સાથે મારકૂટ કરેલ હોય તેવું બનેલ નથી. પોલીસે મારી પુછપરછ કરેલ. પોલીસે મારી એક કાગળમાં સહી કરાવેલ.'' સદર સાહેદ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી થી સદર સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ફરિયાદ પક્ષ તરફે ઉલટ તપાસ કરવા છતાં બનાવની મહત્વની હકીકતને સમર્થન કરેલ નથી.

સદર સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, '' એ વાત ખરી છે કે, પોલીસે મારૂ નામ, ઉંમર, ધંધો તથા રહેઠાણનું સરનામું પુછેલ તે સિવાય બીજું કંઇ પુછેલ નહીં. એ વાત ખરી છે કે, બનાવ મારી હાજરીમાં બનેલ નથી કે મે જોયેલ નથી.''

(૧૦) આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ–રાકેશભાલ કાંતીભાઇ કારેલીયા એ આંક–૧૭૨ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, '' મારી દુકાન હોન્ડ શો–રૂમ પાસે જૂનાગઢ રોડ ઉપર આવેલ છે. મારે વેલ્ડીંગ વર્કની દુકાન છે. મારી આ દુકાન અગાઉ તાલાળા રોડ ઉપર આઈ.ડી.ચૌહાણ હાઈસ્કુલ પાસે આવેલ હતી. હું મારી દુકાન સવારના નવ વાગ્યે ખોલતો અને સાંજે સાતથી સાડા સાત વાગ્યે બંધ કરી દેતો. મારી દુકાનમાં મારા સિવાય બીજું કોઈ બેસતું ન હતું. મારૂ રહેણાંક મકાન ડાભોર રોડ ઉપર ટાગોર સોસાયટીમાં આવેલ છે. મારી બાજુમાં ગોસ્વામી સાહેબ તથા પાછળના ભાગે ડોકટર સાહેબ રહે છે. બનાવ સને–૨૦૦૨ની સાલમાં બનેલ. બનાવ ડાભોર રોડ ઉપર બનેલ બનાવ કેટલા વાગ્યે બનેલ તેની

મને ખબર નથી. બનાવ સમયે હું મારા વર્ક શોપ ઉપર કામ પર જતો હતો. બનાવ શું બનેલ હોય તે હાલ મને ખ્યાલ નથી. મારી હાજરી માં આ કામના આરોપીઓએ નિલેશભાઈની દુકાનમાં હથિયાર સાથે આવી હુમલો કરેલ હોય કે તાડફોડ કરેલ હોય તેની મને ખબર નથી. આરોપીઓને જોયેથી ઓળખી શકે નહીં. પોલીસ ફરિયાદ બાદ પોલીસે મારી પુછપરછ કરેલ.'' સદર સાહેદ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી થી સદર સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ફરિયાદ પક્ષ તરફે ઉલટ તપાસ કરવા છતાં બનાવની મહત્વની હકીકતને સમર્થન કરેલ નથી.

સદર સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, '' એ વાત ખરી છે કે, પોલીસે મને નિવેદન માટે બોલાવેલ ત્યારે ફકત મારૂ નામ, ઉંમર, ધંધો તથા રહેઠાણનું સરનામું પુછેલ તે સિવાય બીજું કંઇ પુછેલ નહીં. એ વાત ખરી છે કે, બનાવ મારી હાજરીમાં બનેલ નથી કે મે જોયેલ નથી.''

(૧૧) આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ–નિતીનભાઇ કે. એમ. ચંદ્રને આંક–૧૭૩ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, '' બનાવ સને–૨૦૦૨ની સાલમાં બનેલ. બનાવ સમયે હું તથા મારો મિત્ર રેનીશ બંને જણા ડાભોર રોડ ઉપર આવેલ શિવસેનાની ઓફિસ ગયેલા, શિવસેનાની ઓફિસની બાજુમાં કોની ઓફિસ આવેલ હોય તેની મને ખબર નથી. હું તથા મારો મિત્ર સાંજના સમયે શિવસેનાની ઓફિસે ગયેલા. મારી તથા મારા મિત્રની હાજરીમાં કોઈ બનાવ બનેલ હોય તેની મને ખબર નથી. બનાવ બાબતે હું કંઈ જાણતો નથી. સીન્ધી સમાજના લોકો હથિયાર સાથે નિલેશભાઈની ઓફિસમાં આવી નિલેશભાઈને માર મારેલ હોય કે દુકાનમાં તોડ

ફોડ કરેલ હોય તેવું બનેલ નથી. આ બનાવ બાદ પોલીસે મારી પુછપરછ કરેલ.'' સદર સાહેદ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ફરિયાદ પક્ષ તરફે ઉલટતપાસ કરવા છતાં બનાવની મહત્વની હકીકતને સમર્થન કરેલ નથી.

સદર સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, '' એ વાત ખરી છે કે, પોલીસે મારૂ નામ, ઉંમર, ધંધો તથા રહેઠાણનું સરનામું પુછેલ તે સિવાય બીજું કંઇ પુછેલ નહીં. એ વાત ખરી છે કે, બનાવ મારી હાજરીમાં બનેલ નથી કે મે જોયેલ નથી.''

(૧૨) આ કામે ફરિયાદ પક્ષ તરફે પંચ સાહેદ-ગુલાબશા જુમાશા આંક-૧૭૮ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, '' આજથી આશરે વીસેક વર્ષ પહેલા હું રીક્ષા લઈને પાટણ દરવાજેથી પસાર થતો હતો. તે વખતે પોલીસે મને બોલાવી એક તૈયાર લખેલા કાગળમાં મારી સહી લીધેલી. તે સિવાય હું બીજું કાંઈ જાણતો નથી. પોલીસે મારી હાજરીમાં કોઈ પંચનામું કરેલું હોય તેમજ મારા લખાવ્યા મુજબ પંચનામું લખેલ હોય તેવું બનેલ નથી. મને પંચનામાની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, તેમાં પંચ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું જે પંચનામું આંક-૧૭૯ થી રજૂ છે.'' સદર પંચ સાહેદ ફરિયાદ પક્ષના કેસને તથા પંચનામાની હકીકતોને સમર્થન આપતા ન હોય વિ.એ.પી. પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર પંચ સાહેદને ફરી ગયેલ જાહેર કરી અને ફરિયાદ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદર પંચનામા ની હકીકતોને તથા ફરિયાદ પક્ષના કેસ ને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

(૧૩) આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ–ભીખાભાઈ જગમાલભાઈ બારડે આંક–૧૮૭ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, '' હું હાલમાં ખેતીકામ કરૂ છું. અગાઉ મારે ડાભોર રોડ ઉપર શકિતનગર, વેરાવળ મુકામે પાનબીડીની 'સુનિતા પાન' નામની દુકાન હતી. તેમાં બેસીને હું વેપાર ધંધો કરતો હતો. હું મારી દુકાન સવારના છ વાગ્યે ખોલતો હતો અને સાંજના આઠ વાગ્યે બંધ કરતો હતો. આ દુકાને મારા સિવાય કોઇ બેસતું નહીં. મારા પાનના ગલ્લાની બાજુમાં નિલેશભાઈની ઓફિસ હતી, આ ઓફિસ શા માટે નિલેશભાઈએ ખોલેલી તેની મને ખબર નથી, પરંતુ નિલેશભાઈ ત્યાં બેસતા હતા. નિલેશભાઈને હાલ હું જોયેથી ઓળખી શકું નહીં. બનાવ સમયે નિલેશભાઈ તથા તેની સામે કોઈ અજાણ્યા વ્યકતિઓને ઝઘડો થયેલો. આ ઝઘડો બપોરના સમયે તેમની ઓફિસે થયેલો. બનાવ સમયે હું મારી દુકાને હતો. બનાવ સમયે ત્યા ઝઘડો થતા હું મારી દુકાન બંધ કરીને જતો રહેલો. બનાવના બીજા દિવસે મે મારી દુકાન ખોલેલી. બનાવ કઇ બાબતને લઇને બનેલો તેની મને ખબર નથી. બનાવની પોલીસ ફરિયાદ બાદ પોલીસે મારૂ નિવેદન લીધેલું. આરોપીઓને હું જોયેથી ઓળખી શકું નહીં.''

સદર સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્બારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, '' એ વાત ખરી છે કે, બનાવ બન્યો તે વખતે હું મારી દુકાન બંધ કરીને જતો રહેલ હતો. એ વાત ખરી છે કે, બનાવમાં કેટલા માણસો આવેલા તે હું કહી શકું નહીં. ''

(૧૪) આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ–પરસોતમભાઇ પ્રેમજીભાઇ રામાણીએ આંક–૧૮૯ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, '' તા. ૧૬/૦૪/૨૦૦૨ ના રોજ કલાક ૧૬:૦૦

વાગ્યે અમો તથા એ.એસ.આઇ વલીભાઇ પો.કોન્સ સંજયભાઇ વિગેરે પો.સ્ટાફના માણસો ડી.સ્ટાફની ઓફિસે કલાક–૧૬:૦૦ વાગ્યે હાજર હતા તે દરમ્યાન કલાક–૧૬:૧૫ વાગ્યે પી.એસ.ઓ. સામતભાઇએ અમોને ડી. સ્ટાફના માણસોને પી.એસ.ઓ. રૂમમાં બોલાવેલા ત્યાં આવતા ત્યાં પી.એસ.ઓ. રૂમમાં ૨૦ થી ૨૫ સીંધી સમાજના માણસો હાજર હોય અને તેમાં હુ નરેશ ડીશવાળો કેબલ નેટર્વકનું કામ કરતો હોય, પાટણ દરવાજા પો.સ્ટે વિસ્તારમાં તેમની ડીશનું કામ ચાલતું હોય અને રીપેરીંગ કરવા માટે અવારનવાર આવતો હોય જેથી તેને હું ઓળખું છું અને બીજા ભાઇના હાથમાં છરી લાગેલ હોય જેનું એ.એસ.આઇ વલીભાઇએ નામ પુછતા રેવાચંદ મુળચંદભાઇ, રહે. વેરાવળવાળો તેવું જણાવેલ બાકીના અજાણ્યા માણસો કોણ હતા તેને હું જાણતો નથી અને પી.એસ. ઓ. સામતભાઇએ જણાવેલ કે, વેરાવળ શકિતનગરમાં રહેતો નિલેશભાઇ બોઘાભાઇ થાપલીયા જે શિવસેનાનો પ્રમુખ છે અને ઓફિસે હાજર છે અને તેને સીંધી સમાજના માણસો સાથે ઝઘડો કરેલ છે અને હજુ પણ શકતિનગરમાં સીંધી સમાજના માણસોને મારવા માટે ખુલ્લી છરી લઇને ફરે છે અને તમો ત્યાં શકિતનગરમાં ડી.સ્ટાફના માણસો હરેશભાઇ જેઠાભાઇના મકાનની આજુબાજુમાં પેટ્રોલીંગ કરો અને નિલેશભાઇ મળી આવે તો લેતા આવજો, આ નિલેષ મળી આવેલ નહીં અને જેઠાભાઇના મકાનની આજુબાજુમાં પેટ્રોલીંગ કરેલ અને શકિતનગરમાં શાંત વાતાવરણ હોય જેથી પો. સ્ટે. પાછા આવી તે પ્રમાણે પી.એસ.ઓ.ને જાણ કરેલી. ત્યારબાદ જાણવા મળેલ કે, સીંધી સમાજના માણસોએ નકકી કરી નિલેષ તથા બીજા વિરૂધ્ધ ફરિયાદ લખાવેલ છે અને ત્યારબાદ જાણવા મળેલ કે, નિલેષને સીંધી સમાજના માણસોએ મારમારેલ હોય અને તે સરકારી દવાખાનામાં દાખલ થયેલ છે તે મને જાણવા મળેલ. બનાવ સબંધે મે મારૂ નિવેદન ત.ક.અધિકારીને આપેલ. આરોપી નં. ૪ ને જોયેથી ઓળખું છું જે નામદાર કોર્ટમાં હાજર નથી. ''

સદર સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, '' હું પોલીસ ખાતામાં એ. એસ.આઇ. તરીકે નિવૃત થયેલ છું. એ વાત ખરી છે કે, ત.ક.અ.એ મારૂ જે નિવેદન લીધેલ છે તે સામસામા ક્રોસ કેસો અંગે લીધેલ છે. એ વાત ખરી છે કે, રેવાચંદભાઇ પો.સ્ટે. આવેલા તેમને છરી વાગેલી હતી. એ વાતની મને ખબર નથી કે, તે છરી નિલેષભાઇએ તેમને મારેલી. એ વાત ખરી છે કે, રેવાચંદભાઇનઓએ મને પો.સ્ટે.માં જણાવેલ કે, નિલેષભાઇ બોઘાભાઇ થાપલીયા ખુલ્લી છરી લઇને ફરે છે. એ વાત ખરી છે કે, નિલેષભાઇના બોધાભાઇ થાપલીયાના પિતાશ્રી પોલીસ ખાતામાં નોકરી કરતા હતા. એ વાત ખરી છે કે, સામસામે શું બનાવ બનેલો તે અંગે મને કોઇ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, હાલનો બનાવ સીંધી છોકરીની છેડતી બાબતે બનેલો હતો. એ વાત ખરી છે કે, બનાવ સ્થળ મે જોયેલ નથી. એ વાત ખરી નથી કે, હું ખોટી જુબાની આપું છું.''

(૧૫) આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ–મનિષભાઇ રસીકલાલ સવજીયાણીએ આંક–૧૯૦ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, '' આ કામના ફરિયાદી નિલેષભાઇ થાપલીયા મારા મિત્ર થતા હતા. તેમની સાથેની ઓળખાણ તેમના પિતા બોઘાભાઇ મારફતે થયેલી. બનાવ સમયે નિલેષભાઇ શું કામ ધંધો કરતા હોય તેની મને ખબર નથી. બનાવની ચોકકસ તારીખ મને યાદ નથી બનાવ આશરે વીસ પચ્ચીસ વર્ષ પહેલા બનેલો.બનાવમાં શું બનેલ તેની મને ખબર નથી. બનાવ સમયે નિલેષભાઇને કોઇએ મારેલ હોય, જેથી તેને સારવાર હેઠળ ખસેડેલા. આ સિવાય હું બીજું કાંઇ જાણતો નથી. બનાવ સમયે મારે સ્ટેશનરીની દુકાન હતી. તે દુકાન સટ્ટાબજારમાં આવેલી હતી. નિલેષને માણસોએ માર મારેલો તે માણસો સીંધી સમાજના હતા અને આ બનાવ કોઇક છોકરીની

છેડતી બાબતે બનેલો. આ બનાવ સમયે નિલેષભાઇ શિવસેનાના પ્રમુખ હતા અને આ બનાવ તેમની ઓફિસ પાસે બનેલો, બનાવ બાબતની જાણ મને વાતોવાતમાંથી થયેલી, બનાવ સબંધે પોલીસે મારૂ નિવેદન લીધેલ. આરોપીઓને હું જોયેથી ઓળખી શકું નહીં. ''

સદર સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૬) આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ–સંજયભાઇ કાનજીભાઇ મહેતાએ આંક–૨૦૪ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, '' ગઈ તા. ૦૬/૦૪/૨૦૦૨ ના રોજ અમો વેરાવળ સીટી પો.સ્ટે. માં પો.કોન્સ. તરીકે ફરજ પર હતા ત્યારે કલાક–૧૬:૦૦ ના સુમારે અમો ડી–સ્ટાફની ઓફિસમાં અમો તથા હેડ–કોન્સ્ટેબલ વલીભાઈ તેમજ પોલીસ કોન્સ. પરષોતમભાઈનાઓ હાજર હતા, ત્યારે પી. એસ.ઓ. સામતભાઈ દયાતરે ૧૬:૦૦ કલાકે અમોને બોલાવતાં, પોલીસ સ્ટેશન જતાં ત્યાં ઘણા માણસો આવેલ હોય, જેમાં અમો નરેશભાઈ ડિશવાળાને ઓળખતા હોય,કારણ કે તેઓ ડિશનો ધંધો કરતા હતા, તેઓ હાજર હતા તથા ટોળામાં હાજર એક ઈસમને છરી લાગેલી હતી. તે ઈસમનું સાથેના એ.એસ.આઇ. વલીભાઈએ નામઠામ પુછતાં, રેવાચંદ મુલચંદ નામ તેણે જણાવેલ. બાકીના અન્ય ઈસમોને હું ઓળખતો નહતો. ત્યારે પી.એસ.ઓ. સામતભાઈ એ જણાવેલ કે, નિલેશભાઈ બોઘાભાઈ કે જેઓ શિવસેનામાં હોય અને તેની ઓફિસ આવેલી હોય, તેની સાથે છોકરી બાબતે માથાકૂટ થયેલી છે, જેથી ત્યાં જઈ તકેદારી જાળવતા કોઈ મળી આવે તો અટક કરવા સુચના કરવા અમો ત્રણેય પેટ્રોલીંગ વાહનમાં નિલેષભાઈની ઓફિસે ગયેલ પરંતુ, તે બંધ હતી અને અન્ય કોઈ ત્યાં મળી આવેલ નહીં, જેથી અમોએ તકેદારી માટે પેટ્રોલીંગ કરેલ. આ બાબતે પી.એસ.ઓ.ને રીપોર્ટ કરેલ. આ બાબતે ફરિયાદ થતાં ત.ક.અ.શ્રીએ અમારૂ નિવેદન નોંધેલું.''

સદર સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, '' એ વાત ખરી છે કે, ફરિયાદી નિલેશભાઈ બોઘાભાઈએ સીંધી સમાજની છોકરીની છેડતી કરેલી,તે બાબતે હાલનો બનાવ બનેલો હોય તેવી હકીકત તપાસમાં ખુલેલી નહી. નરેશભાઈ ડિશવાળા અને રેવાચંદ મુલચંદ હું જે કહું છું તે બન્ને ઈસમો હાલ હયાત નથી અને ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે, નિલેશભાઈની ઓફિસમાં તોડફોડનો જે બનાવ બનેલો તે બાબતે ત.ક.અ.શ્રીએ મને કોઇ પુછપરછ કરેલી નથી.''

(૧૭) આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ–ડો. ભીમજીભાઇ કરશનભાઇ કુલબારીયાએ આંક–૨૦૬ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,''ગઈ તા. ૦૬/૦૪/૨૦૦૨ ના રોજ અમો વેરાવળ સરકારી દવાખાનામાં મેડિકલ ઓફિસર તરીકે ફરજ પર હતા ત્યારે નિલેશભાઈ બોઘાભાઈ થાપલીચા, ઉ. વ. ૨૭, રહે. વેરાવળવાળા ૦૬:૩૫ કલાકે સાંજના મારી પાસે પોલીસ યાદી વગર મનિષભાઇ અને રહેમાન સાથે આવેલ. તેઓને હિસ્ટ્રી પુછતાં, તેમને ચંદુભાઈ પાનવાળા સીંધી આગેવાન તથા મગનભાઈ સુમોવાળા, રેવાભાઈ, નરેશ ડીશવાળો, વિજયભાઈ ચા વાળો, રેવાભાઈનો દીકરો, જેઠાભાઈ,હિતેષભાઈ, હરેશભાઈ, નરેશભાઈના ત્રણ–ચાર ભાઈઓ તેમના નામ આવડતા નથી, લવ–કુશ એપાર્ટમેન્ટના રહેવાસી તેનું નામ આવડતું નથી, તેઓએ લોખંડના પાઈપ, છરી, પથ્થર, બેઝબોલના ધોકકા, પાવડાનો હાથો તથા ઢીકાપાટુથી માર મારેલા નું દર્દીએ લખાવેલ. જે બનાવ શક્તિનગર શિવસેના કાર્યાલયમાં તા. ૦૬/૦૫/૨૦૨૨ ના રોજ સાંજના ૦૫:૪૫ કલાકે બનેલાનું જણાવેલ. દવાખાના પોલીસ ચોકીના પી.એસ.ઓ. મારફત વેરાવળ પો.સ્ટે.માં જાણ કરવામાં આવેલી. દર્દીને તપાસતાં જે ઈજાઓ જોવા મળેલી. તેમાં ઈજા નં. ૧ ઓપ્ટીકલ સ્કાલ માથાના મીડ ઓપ્ટીકલ

ભાગમાં સોજો હતો, જે ૧/૨× ૧/૨ સાઈઝનો હતો. ઈજા નં. ૨ દર્દીને માથાના આગળના ભાગે બે સોજા હતાં, જેનું માપ ૪ x ૨ અને બીજું લાલાશ પડતું હતું. ઈજા નં. ૩ દર્દીને તપાસતાં, ડાબી આંખની નીચેની બાજુએ ૨ x ૧ નો લાલ ટેન્ડરનેશ હતું. ઈજા નં. ૪ દર્દીને તપાસતા, નાકના આગળના ભાગે ડાબી બાજુએ તાજા પ્રકાર નો ૧ x ૧/૧૦ જામી ગયેલા લોહીવાળો ચકામો હતો. ઈજા નં. ૫ દર્દીને તપાસતાં,ડાબા ગાલ ઉપર ઉપરછલ્લી ૩ x ૧/૧૦ અને ૧ x ૧/૧૦ લોહીથી જામી ગયેલ ઉજરડો અને ચકામો હતો. ઈજા નં. ૬ દર્દીને તપાસતાં, ગળાની ડાબી બાજુએ ઉપરના ભાગે ત્રણ પ્રકારની તાજી ઈજાઓ લોહી જામી ગયેલાની જણાઈ આવેલી, જેનું માપ ૧× ૧/૧૦ અને બીજી ઈજાનું માપ ૧/૨×૧/૧૦ અને ૧/૩×૧/૧૦ ની હતી. ઈજા નં. ૭ દર્દીને તપાસતાં, જમણી બાજુના એલ્બાની પાછળની બાજુએ બે પ્રકારની લોહી જામી ગયેલી ઈજાઓના ઉજરડા જણાઈ આવેલ, જેનું માપ ૧/૧/૨ X ૧/૪ અને ૧×૧/૧૦ હતી. ઈજા નં. ૮ દર્દીને તપાસતાં, એક તાજા પ્રકારની ફોર–ઍરેનાનો ઉજરડો ડાબી બાજુએ લોહી જામી ગયેલો હતો, જેનું માપ ૧–૧/૨ x ૧/૧૦ નો હતો. ઈજા નં. ૯ કન્કલુઝન પ્રકારનો ઉજરડો પગની ડાબી બાજુએ ૩ x ૧ નો લાલાશ પડતો હતો. ઈજા નં. ૧૦ કન્કલુઝન પ્રકારનો ઉજરડો પગની જમણી બાજુએ ૨ x ૧ નો લાલાશ પડતો હતો. ઈજા નં. ૧૧ સ્વેલીંગ લાલાશ પડતો ૩ X ૧ નો સોજો હતો. ઈજા નં. ૧૨ એક તાજા પ્રકારનો ઉજરડો લોહી જામી ગયેલાનો લીઓનનો હતો. આ ઉપરાંત દર્દીનો એક્ષ–રે લેવામાં આવેલો ઉપરોકત ઈજા નં. ૫, ૬, ૮ તિક્ષ્ણ હથિયાર વડે થઈ શકે તેવી હતી અને તે સિવાયની ઈજાઓ કઠણ અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી. સામાન્ય રીતે, આ ઈજાઓ ૬ થી ૭ દિવસમાં રૂજાઈ જાય તેવી હતી. તે અંગેનું સારવાર સર્ટીફિકેટ મે આપેલું તે અસલ આંક–૨૦૭ થી રજૂ છે.’’

સદર સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, '' એ વાત ખરી છે કે, કોણે હથિયારથી અને શું ઈજા કરેલી તે દર્દીએ જણાવેલ નહીં. એ વાત ખરી છે કે, આ ઈજાઓ સામાન્ય પ્રકારની હતી. એ વાત ખરી છે કે, દર્દી જો મો. સા. ઉપર જતાં હોય અને જો ખાડા–ટેકરાવાળા રસ્તા ઉપર પડે તો આવા પ્રકારની ઈજા થઇ શકે.''

(૧૮) આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ–નામુભાઈ નાથાભાઈ બાબરીયા એ આંક–૨૦૯ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, '' ગઈ તા. ૦૬/૦૪/૨૦૦૨ ના રોજ અમો વેરાવળ સીટી પો. સ્ટે.માં પો.કોન્સ તરીકે ફરજ પર હતા ત્યારે કલાક: ૧૬:૦૦ ના સુમારે અમો વેરાવળ સીટી પો.સ્ટે.ના પી.એસ.ઓ. સાથે હતા ત્યારે હેડ–કોન્સ્ટેબલ વલીભાઈ તેમજ પોલીસ કોન્સ. પરષોતમભાઈના ઓ હાજર હતા, ત્યારે પી.એસ.ઓ. સામતભાઈ દયાતરે ૧૬:૦૦ કલાકે અમોને બોલાવતાં, પોલીસ સ્ટેશન જતાં ત્યાં ઘણા માણસો આવેલ હોય, જેમાં અમો નરેશભાઈ ડિશવાળાને ઓળખતા હોય, કારણકે તેઓ ડિશનો ધંધો કરતા હતા, તેઓ હાજર હતા તથા ટોળા માં હાજર એક ઈસમને છરી લાગેલી હતી. તે ઈસમનું સાથેના એ. એસ.આઇ. વલીભાઈએ નામઠામ પુછતાં, રેવાચંદ મુલચંદ નામ તેણે જણાવેલ. બાકીના અન્ય ઈસમોને હું ઓળખતો નહતો. ત્યારે પી.એસ.ઓ. સામતભાઈએ જણાવેલ કે, નિલેશભાઈ બોઘાભાઇ કે જેઓ શિવસેનામાં હોય અને તેની ઓફિસ આવેલી હોય, તેની સાથે છોકરી બાબતે માથાકૂટ થયેલી છે, જેથી ત્યાં જઈ તકેદારી જાળવતા કોઈ મળી આવે તો અટક કરવા સુચના કરવા જણાવતાં હાજર વલીભાઈ તથા અન્ય પો.સ્ટાફના માણસો પેટ્રોલીંગ વાહનમાં નિલેશભાઈની ઓફિસે ગયેલ પરંતુ, તે બંધ હતી અને અન્ય કોઈ ત્યાં મળી આવેલ નહીં, જેથી ઉપરોકત પો.સ્ટાફના માણસોએ તકેદારી માટે પેટ્રોલીંગ કરેલ. આ બાબતે પી.એસ.ઓ.ને રીપોર્ટ

કરેલ. પી.એસ.ઓ.એ આ બાબતે ગુન્હો નોંધેલ અને તેની સાથે હું કામગીરીમાં સાથે રહેલ. આ બાબતે ફરિયાદી થતાં ત.ક.અ.શ્રીએ અમારૂ નિવેદન નોંધેલું. આરોપીઓને હું લાંબો સમયે થયેલ હોય, જોયેથી ઓળખી શકું નહીં. ''

સદર સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, '' એ વાત ખરી છે કે, ફરિયાદી નિલેશભાઈ બોઘાભાઈએ સીંધી સમાજની છોકરીની છેડતી કરેલી,તે બાબતે હાલનો બનાવ બનેલો હોય તેવી હકીકત તપાસમાં ખુલેલી નહીં. નરેશભાઈ ડિશવાળા અને રેવાચંદ મુલચંદ હું જે કહું છું તે બન્ને ઈસમો હાલ હયાત નથી અને ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે, નિલેષભાઈની ઓફિસમાં તોડફોડનો જે બનાવ બનેલો તે બાબતે ત.ક.અ.શ્રીએ મને કોઈ પુછપરછ કરેલી નથી. ''

(૧૯) આ કામે ફરિયાદ પક્ષ તરફે પંચ સાહેદ–ફારૂકભાઇ ઈબ્રાહિમભાઇ ભાદરકા આંક–૨૧૬ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, '' પોલીસે મારી આજથી ત્રેવીસેક વર્ષ પહેલા તૈયાર લખેલા કાગળમાં સહી લીધેલી, તેમાં શું લખેલું હતું તેની મને ખબર નથી. મને એક પંચનામું બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે, જે હું ઓળખી બતાવું છું, જે આંક–૨૧૭ થી રજૂ કરેલ છે. મારા રૂબરૂમાં કોઈ આરોપીની અટક કરવામાં આવેલ હોય કે હથિયાર કબજે કરવામાં આવેલ હોય અને તેનું પંચનામું કરેલું હોય, તેવું બનેલું નથી.''

સદર પંચ સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, '' એ વાત ખરી છે કે, મે માત્ર એક તૈયાર પંચનમામાં સહી કરેલી, તેમાં શું લખેલું હતું તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મારી હાજરીમાં કોઈ આરોપીઓ

ને અટક કરવામાં આવેલ હોય અને તેની પાસેથી હથિયાર કબજે લેવામાં આવેલ હોય તેવું બનેલું નથી.''

(૨૦) આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ–વલીમહંમદ હાજીભાઈ સંધીએ આંક–૨૨૩ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, '' ગઈ તા. ૦૬/૦૪/૨૦૦૨ ના કલાક–૧૬–૧૬ વાગ્યે અમો અમારી ડી સ્ટાફની ઓફિસમાં અમારા સ્ટાફના પરષોતમ પ્રેમજીભાઈ, સંજય કાનજીભાઈ વિગેરે હાજર હતા તે દરમ્યાન ૧૬:૧૫ વાગ્યે વેરાવળ સીટી પો.સ્ટે.ના પી.એસ.ઓ. સામતભાઈ દયાતરે અમોને પો.સ્ટે.એ બોલાવેલ, જેથી અમો ત્રણેય ત્યાં ગયેલા તો ત્યાં સીંધી સમાજના આગેવાનો અને તેનુ ટોળુ પંદરથી વીસ માણસો અંદર ઉભેલા હતા, જેમાંથી નરેશભાઈને હું ઓળખું છું, જે ટીવી ડિશનું કામ કરતા હોય, જેથી તેને ઓળખતો હતો, તેના હાથમાં છરી વાગેલી હતી અને લોહી નીકળતા હોય, જેથી અમોને પી.એસ.ઓ.એ જણાવેલ કે, આ નિલેષભાઈ બોઘાભાઈ થાપલીચા એ છોકરી બાબતમાં માથાકૂટ થતાં આને છરી મારેલ છે અને તે હોય તો તેને પકડી આવો, જેથી અમો સરકારી વાહન લઈ વેરાવળ સીટી માં આવેલ શકિતનગર જયાં તેની ઓફિસે આવતાં, તેની ઓફિસ બંધ હોય મળી આવેલ નહીં અને જેથી અમોએ તે વિસ્તારમાં પેટ્રોલીંગ ચાલુ રાખેલુ, ત્યારબાદ જાણવા મળેલું કે, નિલેષ બોઘાભાઈ થાપલીચા સરકારી હોસ્પિટલમાં એડમીટ થયેલ છે તેને પણ આ તકરારમાં વાગેલ હોય, જે ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ હતા. આ અંગે ફરિયાદ થતાં, પોલીસે અમારૂ નિવેદન નોંધેલું. આરોપીઓને જોયેથી ઓળખું છું.''

સદર સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, '' એ વાત ખરી છે કે, બોઘાભાઈ થાપલીચા, જે નિલેશ થાપલીચાના પિતાજી થાય છે,

તેઓ પોલીસ ખાતામાં નોકરી કરતા હતા. મને એ વાતની ખબર નથી કે, નરેશભાઈ ડિશવાળા ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે, મને પી.એસ.ઓ.એ કહેતા બનાવ બાબતે જાણ થયેલી. એ વાત ખરી છે કે, નિલેશભાઈ બોઘાભાઈ થાપલીયા ઉપર પણ છેડતી બાબતેનો પોલીસ કેસ થયેલ હતો. એ વાત ખરી નથી કે, મારે બનાવ સ્થળે જવાનો પ્રસંગ બનેલ નહીં. બનાવ સ્થળે અમોએ પેટ્રોલીંગમાં ગયેલા ત્યારે નિલેશભાઈની ઓફિસ બંધ હતી. એ વાત ખરી નથી કે, હું પોલીસમાં નોકરી કરતો હતો જેથી ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપવા ખોટી જુબાની આપું છું.''

**(૨૧)** આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ–ત.કઅ. હમીરભાઇ મુળાભાઇ વાણવીએ આંક–૨૨૬ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, '' અમો બનાવના અરસામાં વેરાવળ સીટી પો.સ્ટે. માં ફરજ બજાવતા હતા ત્યારે તા. ૦૬/૦૪/૨૦૦૨ ના રોજ પી. એસ.ઓ. દ્વારા હેડ–કોન્સ. એસ.એન. કેલૈયાનાઓને સરકારી હોસ્પિટલમાંથી ડોકટરશ્રી કુલબારીયા સાહેબ વતી ફોનથી જાણ કરવામાં આવતાં, ફરિયાદ નોંધી આગળની તપાસ કરવા ઘટતુ કરવા જાણ કરેલી, જેમાં જે–તે સમયના પી.એસ.ઓ.શ્રીની સહી છે, જે હું ઓળખી બતાવું છું, જે આંક–૨૨૭ થી રજૂ છે. વેરાવળ સીટી પો.સ્ટે.ના ડી.ઓ. રજી. નં. ૧૨૪/૨૦૦૨ થી તેની નોંધ કરેલી, જેની ઉતારાની અસલ આંક–૨૨૮ થી રજૂ છે. આ કામના ફરિયાદી નિલેષભાઈ બોઘાભાઈનાઓએ ફરિયાદ આપતાં, જે ફરિયાદ અમોએ પી.એસ.ઓ. તરીકે ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૫૨, ૪૨૭, ૩૨૩, ૩૨૪ તથા બી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ રજીસ્ટરે કરેલો અને ગુન્હો રજીસ્ટરે કર્યા બાદ સદર ગુન્હાની આગળની તપાસ પી.એસ.આઈ.શ્રી ગોહિલનાઓને સોંપેલી. બનાવ બાબતે ફરિયાદીએ આપેલ ફરિયાદ તા. ૦૬/૦૪/૨૦૦૨ ના રોજ કલાક–૨૨:૦૦ વાગ્યે દાખલ

થયેલી, જેમાં પી.એસ.ઓ. તરીકે મારી સહી છે તથા રૂબરૂમાં પી. એસ.આઇ.શ્રી જી.બી. ગોહિલની સહી છે તથા ફરિયાદીની સહી છે, જે ઓળખી બતાવું છું, જે ફરિયાદ આંક-૨૨૯ થી રજૂ છે. સદર કામે અમોએ ફરિયાદીની ફરિયાદની નોંધ સી.આર.પી.સી. કલમ – ૧૫૪ મુજબના ફોર્મમાં કરેલી, જેમાં પી.એસ.ઓ. તરીકે મારી સહી છે, જે ઓળખી બતાવું છું, જે એફ.આઇ.આર. આંક-૨૩૦ થી રજૂ છે.''

સદર સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, '' મને હાલ યાદ નથી કે, આ ગુન્હામાં ફરિયાદી સામે ક્રોસ ફરિયાદ નોંધાયેલી કે નહીં. એ વાત ખરી છે કે, આ ગુન્હાની તપાસ અને અન્ય ગુન્હાની તપાસ જી.બી. ગોહિલનાઓએ કરેલી હતી. એ વાત ખરી છે કે, મને દવાખાનેથી જે ફરિયાદ મળેલી, તેની ફોર્મ નં. ૧૫૪ માં ઉતારો કરવા સિવાય અન્ય કોઈ કામગીરી મે કરેલી નથી.''

**(૨૨)** આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ-ત.ક.અ. કેશવલાલ પ્રેમજી ગાજીપરાએ આંક-૨૩૧ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, '' આ ગુન્હાની તપાસ પ્રથમ વેરાવળસીટી પો.સ્ટે. ના પી.એસ.આઇ. જી.બી. ગોહિલએ સંભાળેલી હતી, જેઓની પાસે થી અમોએ તારીખ: ૦૯/૦૪/૨૦૦૨ ના રોજ તપાસ સંભાળેલી હતી. ફરિયાદી તથા અન્ય અગત્યના સાહેદોના નિવેદનો નોંધેલા. તપાસ દરમિયાન આ કામે આઈ.પી.સી. કલમ-૩૯૫ નો ગુન્હો ન બનતો હોય, જે.એમ.એફ.સી. સાહેબ, વેરાવળનાઓને આઈ.પી. સી. કલમ-૩૯૫ મુજબની કલમ રદ કરવા રીપોર્ટ કરેલ. ત્યારબાદ આરોપી નં. ૧ થી ૧૩ નાઓની તા. ૧૬/૦૪/૨૦૦૨ ના રોજ વેરાવળ સીટી પો.સ્ટે.એ રજૂ થતાં, ધોરણસર અટક કરવામાં આવેલી. આરોપી પૈકીના મગનભાઈ મુલચંદભાઈ પાસેથી ગુન્હામાં

ઉપયોગમાં લીધેલ પાઈપ રજૂ કરવામાં આવેલ તેમજ દેવચંદ મુલચંદભાઈએ ગુન્હામાં ઉપયોગમાં લીધેલ લોખંડનો પાઈપ રજૂ કરતાં તપાસ અર્થે કબ્જે લીધેલ, ચંદ્રકાંતભાઈ ખેમચંદભાઈએ ગુન્હા માં ઉપયોગમાં લીધેલ છરી રજૂ કરતાં તપાસ અર્થે કબજે લીધેલ, ત્યારબાદ આરોપી નરેશભાઈ વલ્લાભદાસએ ગુન્હામાં ઉપયોગમાં લીધેલ છરી રજુ કરતાં, તપાસ અર્થે કબ્જે લેવામાં આવેલ. અટક કરેલ આરોપીઓ વિરૂધ્ધ તા. ૧૦/૦૫/૨૦૦૨ ના રોજ ચાર્જશીટ કરવામાં આવેલું.''

સદર સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, '' એ વાત ખરી છે કે, આ કામના ફરિયાદી સામે ગુ.રજી.નં. ૫૦/૨૦૦૨ થી ગુન્હો નોંધાયેલો હતો. એ વાત ખરી છે કે, જે ગુન્હો હાલના ગુન્હાનો ક્રોસ બનાવ હતો. એ વાત ખરી છે કે, ગુ. નં. ૫૦/૨૦૦૨ ના કામમાં ઈ.પી.કો કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) અને બી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ચાર્જ હતો. એ વાત ખરી છે કે, હરેશભાઈ જેઠાનંદભાઈની દીકરીને ભગાડી જવાનો હાલ ના ફરિયાદી સામે આક્ષેપ હતો. એ વાત ખરી છે કે, હાલના ફરિયાદી ના પિતાશ્રી પોલીસ કર્મચારી હતા. એ વાત ખરી નથી કે, હાલના કામે કબ્જે લેવામાં કહેવાતા પાઈપો અને છરીઓનો ઉપયોગ થી કોઈને ઈજા થયેલી નથી. એ વાત ખરી છે કે,આરોપીઓને પણ ઈજા થયેલી છે. એ વાત ખરી છે કે, મે અધુરી તપાસ શરૂ કરેલી. એ વાત ખરી નથી કે, મે પંચનામું મારી જાતે તૈયાર કરી અને તેમાં પંચોની સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે, મે સાહેદોના નિવેદનો ફરિયાદને અનુરૂપ મારી રીતે નોંધી લીધેલા. એ વાત ખરી નથી કે કોઈ આરોપીઓએ મારી સમક્ષ મુદ્દામાલ હથિયારો રજૂ કરેલા નથી. એ વાત ખરી નથી કે,ફરિયાદી પોલીસ કર્મચારીના પુત્ર હોય, તેની ફરિયાદને મદદરૂપ થવા મે ખોટી દિશામાં તપાસ કરી, હાલના

આરોપીઓને ખોટી રીતે અટક કરેલ છે. એ વાત ખરી નથી કે, આરોપીઓ સામે કોઈ પણ જાતનો ચાર્જશીટ કરી શકાય તે પ્રકાર નો પુરતો પુરાવો ન હોવા છતા ચાર્જશીટ રજૂ કરેલું છે.''

**<u>પુરાવાના બોજા વિશે</u>**

(૨૩) હું પુરાવા અધિનિયમના એ સિદ્ધાંતથી વાકેફ છું કે, જો ફરિયાદીની એકમાત્રની જુબાની વિશ્વાસપાત્ર અને માનવાલાયક હોય તો તે આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય. સાથે સાથે પુરાવાના અધિનિયમનો એવો પણ પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, આરોપી સામેનો કોઈ પણ અપરાધ હંમેશા પુરવાર થવો જોઈએ તેમાં સહેજ પણ શંકા ઉદ્‌ભવે તો તેનો લાભ હંમેશા આરોપીને મળવા પાત્ર થાય છે ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ પુરાવાના મૂલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં ક્યાંય વ્યાખ્યાબદ્ધ કરવામાં આવેલ નથી અને તે માટે કાનૂની સમર્પિત કોઈ નિયમ નથી. જેથી પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકત અને સંજોગો ઉપર આધારિત છે અને પુરાવાના મૂલ્યાંકન આધાર **પુરાવાના કાયદાની કલમ—૩ માં કરવામાં આવેલી સાબિતી અને નાસાબિતી ની વ્યાખ્યા** ઉપર આધારિત છે કાર્યવાહીમાં પુરાવાનો બોજો હંમેશા ફરિયાદ પક્ષ ઉપર રહેલ છે ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી ઉપર સાબિત કરવાનો હોય છે અને દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી તેમ જ ફોજદારી કાર્યવાહીમાં તમામ તબક્કે પુરાવાનો બોજો ક્યારેય આરોપી ઉપર ખસતો નથી, પરંતુ આરોપી ઉપરનું ચાર્જશીટ નિ:શંક પુરવાર કરવાનું હોય છે. વધુમાં સાબિત થયેલી હકીકત કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલ બાબત ઉપરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતને અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી છે તેવું ગણાય.

(૨૪) આ કામે આરોપીઓ સામેનો કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુળભુત સિંધ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપીઓ સામેનો ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું માનવું જોઇએ અને ફરિયાદ પક્ષ, આરોપીઓ સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે આક્ષેપ, સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબીત કરવા જોઇએ. આ કામે જયારે આરોપીઓ સામે ઇ. પી. કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૪૨૭, ૪૫૨ તથા મે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, ગીર–સોમનાથના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાઓ અંગેના આક્ષેપો છે ત્યારે ફરિયાદ પક્ષે આરોપીઓ સામેનો ગુન્હો સાબીત કરવા માટે નીચે મુજબના તત્વો સાબિત કરવા જોઇએ.

**<u>ઇ. પી. કો. કલમ–૧૪૩ સજા–</u>**કોઇપણ વ્યકિત, ગેરકાનુની મંડળીની સભ્ય હોય તેને છ માસ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**<u>આવશ્યક તત્વો–</u>**

(૧) પાંચ કે તેથી વધુ વ્યકિતની બનેલી ગેરકાનુની મંડળી.

(૨) આરોપી તેવી ગેરકાનુની મંડળીનો સભ્ય હતો.

(૩) આ ગેરકાનુની મંડળીનો સામાન્ય હેતુ કલમ–૧૯૧ માં દર્શાવ્યા પ્રમાણેનાં પાંચ પૈકી એક અથવા તે કરતાં વધારે હતો.

(૪) મંડળી ગેરકાનુની મંડળી છે તેવી જાણકારી આરોપીને હતી.

**<u>ઇ.પી.કો. કલમ–૧૪૭ હુલ્લડ માટે સજા–</u>**કોઇપણ વ્યકિત, હુલ્લડ માટે દોષિત હોય તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**<u>ઇ.પી.કો. કલમ–૧૪૮ પ્રાણઘાતક હથિયારો ધારણ કરીને હુલ્લડ–</u>**

કોઈપણ વ્યકિત,પ્રાણઘાતક હથિયાર ધારણ કરીને અથવા તેવી વસ્તુ જે ગુન્હાનાં હથિયાર તરીકે વપરાતી હોય અને જેનાંથી મૃત્યુ નીપજી શકે હુલ્લડ માટે દોષિત હોય તેને ૩ વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે. આ કલમ–૧૪૬ ના તત્વોમાં એક જ તત્વ ઉમેરવાનું રહે છે કે જે વ્યકિત હુલ્લડ માટે દોષિત ઠરે તે પ્રાણઘાતક હથિયાર સાથે હાજર હોય, એ અત્યંત જરૂરી છે કે હથિયાર અથવા વાપરવામાં આવેલ વસ્તુ એવી હોય કે જેથી મૃત્યુ નીપજી શકે તેને પ્રાણઘાતક હથિયાર કહેવાય. મહત્વના તમામ તત્વોની પુનરોક્તિ થતી હોવા છતાં અત્રે તે દોષના ભોગે પણ તમામ તત્વો દર્શાવવા આવશ્યક છે, જેથી સુગમતા રહે, ગેરકાનુની મંડળી અને હુલ્લડ બંને એક બીજાની સાથે સંકળાયેલ છે. હુલ્લડ તો ગુન્હો બને ત્યારે ગેરકાનુની મંડળીનું અસ્તિત્વ અવશ્યપણે હોય, આ કલમનાં તત્વો નીચે મુજબ છે.

(૧) પાંચ અથવા તેથી વધુ વ્યકિતની મંડળી જેનો હેતુ કલમ–૧૪૧ માં દર્શાવેલ હેતુઓ પૈકી ૧ અથવા તેથી વધુ હોય.

(૨) આરોપી તેવી ગેરકાનૂની મંડળીનાં સભ્યો હોય,

(૩) સામાન્ય હેતુ પાર પાડવાના અનુસંધાને બળ અથવા હિંસા નો ઉપયોગ થયો હોય,અને તેનો ઉપયોગ ગેરકાનુની મંડળી દ્વારા અથવા તો તેના કોઈ સભ્ય દ્વારા કરવામાં આવ્યો હોય કે જેથી હુલ્લડનો ગુન્હો બને.

(૪) આરોપી ગેરકાનુની મંડળીનાં સભ્ય હોવા ઉપરાંત હુલ્લડ સમયે પ્રાણઘાતક હથિયાર અથવા કોઇ વસ્તુ કે જેનો ગુન્હો કરવા માટે ઉપયોગ થઇ શકે કે જે વડે મૃત્યુ નિપજવી શકાય,

**ઈ.પી.કો.કલમ–૧૪૯ ગેરકાનુની મંડળીનો પ્રત્યેક સભ્ય સામાન્ય હેતુ પાર પાડવા માટે આચરાતા ગુન્હા અંગે દોષિત**–ગેરકાનૂની મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા માટે તે મંડળીનાં સભ્યથી કોઇ ગુન્હો થાય અથવા તે હેતુ પાર પાડવા માટે જે ગુન્હો થવાનો સંભવ હોવાનું તે મંડળીનાં સભ્યો જાણતાં હોય તેવો ગુન્હો થાય તો તે થવા સમયે તે મંડળીની સભ્ય હોય તેવી પ્રત્યેક વ્યકિત તે ગુન્હા માટે દોષિત છે.

**આવશ્યક તત્વો–**

(૧) ગેરકાનુની મંડળીનું અસ્તિત્વ એટલે કે કલમ–૧૪૧

(૨) ગુન્હો બનવા સમયે આરોપી ગેરકાનુની મંડળીના સભ્ય હતા એટલે કે કલમ–૧૪૨

(૩) આરોપી ઈરાદાપુર્વક ગેરકાનુની મંડળીમાં જોડાયા અથવા તેમાં ચાલુ રહ્યા.

(૪) ગેરકાનુની મંડળીનો સામાન્ય હેતુ શું હતો તે આરોપીને જાણમાં હતુ તથા તે પણ તેવો સામાન્ય હેતુ ધરાવતો હતો.

(૫) કોઈ ગુન્હો તેવી ગેરકાનુની મંડળીનાં સભ્ય દ્ધારા આચરવા માં આવ્યો.

(૬) આવો ગુન્હો ગેરકાનુની મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા માટે આચરવામાં આવ્યો હતો.

(૭) આરોપીને એ હકીકતની જાણ હતી કે ગેરકાનુની મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા માટે આવે ગુન્હો આચરવામાં આવે તેવી સંભાવના હતી. કલમ–૧૪૧, ૧૪૨ ઉપરાંત ગુન્હો આચરવામાં આવે અને તેની જાણ આરોપીને હોય તે મહત્વની બાબત છે પરોક્ષ ગુન્હાહિત જવાબદારી આ કલમથી થતી હોવાથી ચુસ્ત પુરાવો આવશ્યક છે.

**ઈ.પી.કો. કલમ–૩૨૩ સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવાની સજા–** કોઈપણ વ્યકિત, કલમ–૩૩૪ માં જણાવેલાં સંજોગોમાં હોય તે

સિવાય સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડે તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બંન્ને સજા કરવામાં આવશે.

**<u>આવશ્યક તત્વો–</u>**

(૧) આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા.

(૨) આવું કૃત્ય આરોપીએ વ્યથા કરવાનાં ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપૂર્વક કર્યુ હતું.

**<u>ઈ. પી. કો. કલમ–૩૨૪ ભયાનક શસ્ત્રો કે સાધનો દ્વારા સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવી–</u>**કોઈપણ વ્યકિત, કલમ–૩૩૪ મા જણાવેલાં સંજોગોમાં હોય તે સિવાય ગોળી છોડવાનાં, ભોંકવા નાં અથવા કાપવાનાં સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથિયાર તરીકે વાપરવાથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવાં સાધન વડે અથવા આગ કે તપાવેલાં કોઈ પદાર્થ વડે અથવા ઝેર કે ક્ષયજનક પદાર્થ વડે અથવા કોઈ સ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવ શરીરને હાનિકારક નિવડે તેવાં પદાર્થ વડે અથવા કોઈ પ્રાણી મારફત સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડે તેને ૩ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રાકરની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**<u>આવશ્યક તત્વો–</u>**

(૧) આરોપીએ ભોગ બનનારને શારીરિક પીડા, રોગ અથવા અશક્તિ નિપજાવી,

(૨) આવી ઈજા આરોપીએ, ઈજા પહોંચાડવાનાં ઈરાદાથી અથવા તેને વ્યથા થાય તેવો સંભવ હોવાનું જાણવા છતાં અટલે કે સ્વેચ્છાપૂર્વક પહોંચાડી.

(૩) આ ઈજા ગોળી છોડવાના અથવા ભોંકવાનાં અથવા કાપવા નાં સાધન વડે કરવામાં આવી હતી, અથવા જે સાધનનો આક્રમક હથિયાર તરીકે ઉપયોગ કરવાથી મૃત્યુ નિપજવા સંભવ હોય તેવા સાધન વડે, અથવા આગ કે તપાવેલા કોઈ પદાર્થ વડે ઝેર કે ક્ષયજનક પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ વડે કરવામાં આવી હતી અથવા કોઈ પદાર્થ શ્વાસમાં લેવાથી, ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનિકારક નિવડે તેવા પદાર્થ વડે કે કોઈ પ્રાણી મારફત આવી વ્યથા પહોંચાડવામાં આવી હતી.

**ઈ.પી.કો. કલમ–૫૦૪ સુલેહભંગ કરવા ઉશ્કેરાવાનાં ઈરાદાથી અપમાન–**ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુન્હો કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં, કોઈ પણ વ્યકિત, ઈરાદાપૂર્વક અન્ય કોઈ વ્યકિતનું અપમાન કરીને, તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંન્ને સજા કરવામાં આવશે.

**આવશ્યક તત્વો–**

(૧) આરોપીએ ઈરાદાપૂર્વક કોઈ વ્યકિતનું અપમાન કર્યું,

(૨) તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

(૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

બોમ્બે **પોલીસ એકટની કલમ ૧૩૫** મુજબ શિક્ષાને પાત્ર ગુનો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે.

૧. બનાવના સ્થળ અને સમય અંગે બી.પી.એકટની કલમ ૩૭ મુજબ કાયદેસર રીતે હથિયારબંધી અંગે હુકમ કરવામાં આવેલ અને તે હુકમ અસ્તિત્વમાં હતો,

૨. હથિયાર બંધી અંગેનો હુકમ જાહેરનામા માટે ઠરાવેલ પધ્ધતિથી, યોગ્ય રીતે પ્રસિધ્ધ કરવામાં આવેલ,

૩. આ કામના આરોપીએ સદરહુ જાહેરનામાથી પ્રતિબંધીત જગ્યા માં હથિયાર ધારણ કરી તે હુકમનું પાલન કરેલ નથી અથવા તેનું પાલન કરવામાં કોઇને મદદ કરેલ છે.

**-: પુરાવાનું મુલ્યાંકન :-**

**(૨૫)** ફરિયાદ પક્ષે ફરિયાદી-નિલેશભાઇ બોઘાભાઇને તપાસવા પ્રોસેસ કરતા તેઓ મરણ પામેલા છે જેથી તેઓને આ કામે તપાસવામાં આવેલા નથી. સદર કામે સાહેદ-પરબતભાઇ તથા સાહેદ-રેનીશભાઇ તથા સાહેદ-રાકેશ કાંતીલાલનાઓએ ફરિયાદ પક્ષના કેસની હકીકને સમર્થન આપેલ નથી. જેથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. ત્યારબાદ અન્ય સાહેદ નિતીનભાઇને તપાસવામાં આવેલ છે, પરંતુ તેઓએ પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી અને બનાવ તેઓએ નજરે જોયેલો નથી તેવું જણાવેલ છે. જેથી ઉપરોકત સાહેદોના પુરાવાનું વધુ કોઇ મુલ્યાંકન કરવાનું રહેતું નથી.

**(૨૬)** આ કામે પંચ સાહેદને તપાસવામાં આવેલા છે, પરંતુ તેઓએ પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી. સાહેદ-ભીખાભાઇ જગમાલભાઇએ ફરિયાદીને ઓળખતા હોય તેવું પણ જણાવેલ નથી, તેઓની દુકાન પાસે ઝઘડો થતાં તેઓ દુકાન બંધ કરી જતા રહેલા તેવું જણાવેલ છે. જેથી આ કામે નજરે જોનાર સાહેદોએ પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી. સદર કામે મનિષભાઇ રસીકલાલને તપાસવામાં આવેલા છે,

પરંતુ તેઓએ ફરિયાદી શિવસેનાના પ્રમુખ હોય તેમની ઓફિસ પાસે બનાવ બનેલો તેવું જણાવેલ છે, પરંતુ તેઓને બનાવ અંગેની હકીકત વાતોવાતથી જાણવા મળેલાનું અને બનાવમાં શું બનેલું તેની ખબર ન હોવાનું સ્વીકારેલું છે.

(૨૭) સદર કામે મેડિકલ ઓફિસરને તપાસવામાં આવેલા છે. તેઓને પુછતા તેઓએ હિસ્ટ્રીમાં લખાવેલ છે કે, ચંદુભાઇ પાનવાળા સીંધી આગેવાન તથા મગનભાઈ સુમોવાળા, રેવાભાઈ નરેશભાઈ ડીશવાળા, વિજયભાઈ ચાવાળો, રેવાભાઈનો દીકરો જેઠાભાઈ, હિતેષભાઈ, હરેશભાઈ, નેરશભાઈના ત્રણ-ચાર ભાઈઓ, લવકુશ એપાર્ટમેન્ટના રહેવાસીનાઓએ લોખંડના પાઈપ, છરી, પથ્થર બેઝબોલ વડે માર મારેલાનું જણાવેલ છે, પરંતુ ઈજા પામનારે કયા આરોપીએ શું ઈજા કરેલી તે જણાવેલ નથી. સદર કામે આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ-૩૨૪ મુજબનો આક્ષેપ છે, પરંતુ ડોકટરશ્રી દ્વારા સદર ઈસમને ઈજાઓ સામાન્ય પ્રકારની હોવાનું જણાવેલ છે. તે સંજોગોમાં આ કામે ફરિયાદ પક્ષે જે પુરાવો રજૂ કરેલો છે તે ધ્યાને લેતાં તથા સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં મેડિકલ પુરાવાને સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી. સદર કેસ ઘણો જૂનો હોય અને સદર કામના ઘણા બધા સાહેદો મળી આવેલા નથી તેમજ મૂળ ફરિયાદી મરણ પામેલા છે. જેથી ફરિયાદ અંગેનો સંપૂર્ણ પુરાવો રજૂ થઈ શકેલો નથી. તે સંજોગોમાં આ કામના તમામ આરોપીઓએ એકસંપણ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી પ્રાણઘાતક હથિયારો વડે ઈજા પામનારને ઈજા પહોંચાડી હોય તેવો લેશમાત્ર પુરાવો આરોપીઓ વિરૂધ્ધનો આવેલો નથી. જેથી આરોપીઓને કસુરવાર ઠરાવી શકાય નહીં.

(૨૮) સદર કામે પોલીસ સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે, પરંતુ તેઓએ તેમની ફરજની કામગીરી હેઠળનો પુરાવો આપેલો છે. આ

કામે જયારે અન્ય સ્વતંત્ર સાહેદો અને નજરે જોનાર સાહેદો દ્વારા બનાવની હકીકતને સમર્થન કરતા ન હોય ત્યારે એકમાત્ર પોલીસ સાહેદોના પુરાવાના આધારે તેમજ પોલીસ સાહેદ દ્વારા મુદામાલ હથિયાર રજૂ થયેલા હોય તેના કારણોસર ફરિયાદ પક્ષનો કેસ સાબિત થાય છે તેવું માની લઈ શકાય નહીં. આમ, ઉપરોકત તમામ પુરાવા ફરિયાદ પક્ષના કેસને નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું આ અદાલતનું માનવું છે અને ઉપરોકત વિગતે ફરિયાદ પક્ષ આરોપી સામેના આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વો સાબિત કરી શકેલ ન હોય આરોપીને આક્ષેપિત ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય આ સંજોગોમાં **મુદ્દા નં. ૧** નો નિર્ણય "**નકારમાં**" ઠરાવી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચિત જણાતું હોય **મુદ્દા નં. ૨** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) આ કામના આરોપી નં. (૧) હરેશ જેઠાનંદ હોતચંદાણી, ઉ.વ. ૨૬, ધંધો : વેપાર, રહે. વેરાવળ, શકિતનગર, ગરબી ચોક નજીક, તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ, નં. (૩) ચંદ્રકાંત ઉર્ફે ચંદુ પાનવાળો ખેમચંદ ક્રિષ્નાણી, ઉ. વ. ૩૨, ધંધો : વેપાર, રહે. વેરાવળ, ઠે. ટાગોરનગર–૧, તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ, નં. (૭) લાભશંકર ચંદીરામ કેશવાણી, ઉ. વ. ૨૯, ધંધો : વેપાર, રહે. વેરાવળ, ઠે. લવકુશ એપાર્ટમેન્ટ, બ્લોક નં. ૩, ડાભોર રોડ, તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ, નં. (૮) દિપક ઉર્ફે દિપુ ચેલારામ સેવાણી, ઉ. વ. ૩૦, ધંધો : વેપાર, રહે. વેરાવળ, ઠે. શકિતનગર, તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ, નં. (૯) મનોજ ભેરૂમલ મેઘરાજાણી, ઉ. વ. ૩૨, ધંધો : નોકરી, રહે. વેરાવળ, ઠે. નવા રબારીવાડા, શેરી નં. ૮, તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ, નં. (૧૦) પ્રકાશ વલ્લભદાસ પરીયાણી,

ઉ. વ. ૩૬, ધંધો : વેપાર, રહે. વેરાવળ, ઠે. એસ.બી.એસ. કોલોની,તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ, નં. (૧૧) મોહન ઉર્ફે સોનુ વલ્લભદાસ પરીયાણી, ઉ. વ. ૧૮, ધંધો : વેપાર, રહે. વેરાવળ, ઠે. એસ.બી.એસ. કોલોની, તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ, નં. (૧૨) પ્રકાશ રેવાચંદ ભાગનાણી, ઉ. વ. ૩૨, ધંધો : વેપાર, રહે.વેરાવળ, ઠે. બિહારીનગર, બ્લોક નં. ૧૦, તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ તથા નં. (૧૩) જીતેન્દ્ર મગનલાલ ભાગનાણી, ઉ. વ. ૨૩, ધંધો : વેપાર, રહે. વેરાવળ, ઠે. ગીતાનગર–૨, શકિતનગર પાછળ, તા. વેરાવળ, જી. ગીર–સોમનાથવાળાને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૪૨૭, ૪૫૨ તથા બી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) આ કામના આરોપીઓના જાત મુચરકા તથા જામીન ખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને ક્રિ. પ્રો. કોડની કલમ–૪૩૭(એ) મુજબ પ્રત્યેક આરોપીએ રૂા. ૫૦૦૦/– ના આગામી છ મહિનાના સમય માટે ના નવા જામીન તથા જાત મુચરકા રજૂ કરવા.

હુકમ આજ તા. ૧૫મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વેરાવળ.
તારીખ : ૧૫/૦૪/૨૦૨૬

**(જીતેન્દ્રસિંહ અભેસિંહ રાણા)**
એડીશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
વેરાવળ
(કોડ નં. જીજે૦૧૩૩૮)